પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૯૪ — ૧૪ જુન, ૨૦૧૭, બુધવાર ; જયેષ્ઠ વદ - ૫ — પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### રાહુલ ગાંધી મોસાળ જવા રવાના

રાહુલ ગાંધી નાનીને મળવા ઈટલી જવા રવાના થયા છે. ટવીટ કરીને રાહુલ ગાંધીએ જણાવ્યું હતું કે એક સપ્તાહ માટે તેઓ ઈટલી જઈ રહ્યાં છે.

### એસબીઆઈ વિશ્વની ટોપ બેંકોમાં સામેલ

ભારતીય સ્ટેટ બેંકને વિશ્વની ટોચની બેંકોમાં સ્થાન પ્રાપ્ત થયું છે. અને તે વિશ્વની વિકસીત બેંકોમાંની એક બની ગઈ છે. આ બેંકમાં એકાઉન્ટ હોલ્ડર્સની કુલ સંખ્યા ૩૭ કરોડ સુધી પહોંચી ગઈ છે. દેશભરમાં તેના એટીએમની સંખ્યા ૫૯ હજાર વટાવી ગઈ છે.

### રીઝર્વ બેંકે જાહેર કરી ૫૦૦ રૂ.ની નવી નોટ

રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ ૫૦૦ રૂ.ની નવી નોટ જાહેર કરી છે. આ નવી નોટમાં A લેટર સામેલ કરાયો છે. નવી નોટની સાથે જ જુની નોટ પણ ચલણમાં રહેશે.

### વેચવાનો છે

બે રૂમ, રસોડુ, બીજે માળ, ગાર્ડ સામે, પાર્શ્વનાથ રેસીડેન્સી, અડાલજમાં ફલેટ તાત્કાલિક વેચવાનો છે.
મો. : ૯૮૨૫૬ ૧૦૯૪૯

# ગુજરાત સહિત ચાર રાજ્યોમાં આતંકી હુમલાની આશંકા

## આઇબીની ચેતવણી, ઉત્તર પ્રદેશ, હરિયાણા, દિલ્હીમાં આત્મઘાતી હુમલાની આશંકા : ત્રાસવાદી જુથોએ ત્રાટકવા માટે મહિલા-પુરૂષ બંનેનો સાથ લીધો હોવાનો ઘટસ્ફોટ : હાઇએલર્ટ



ન્યુ દિલ્હી,તા.૧૩

કેન્દ્રીય ગુપ્તચર એજન્સીઓએ ઉત્તરપ્રદેશ, હરિયાણા, દિલ્હી, ગુજરાતમાં આતંકવાદી હુમલાના એલર્ટ જાહેર કર્યા છે. સૂત્રોનું કહેવું છે કે એલર્ટમાં સ્પષ્ટપણે કહેવામાં આવ્યું છે કે કાશ્મીરમાં સુરક્ષાદળોની આકરી કાર્યવાહી બાદ આતંકવાદી જૂથો ખળભળી ઉઠયા છે. તેઓ ઉત્તરપ્રદેશ સહીત ઘણાં રાજ્યોના મોટા શહેરોને નિશાન બનાવવાની ફિરાકમાં હોવાની પણ શક્યતા છે.

આતંકવાદીઓની ટુકડીઓમાં આત્મઘાતી મહિલાઓ અને પુરુષો બંને છે. કેન્દ્રીય ગુપ્તચર એજન્સીઓના એલર્ટ બાદ ઉત્તરપ્રદેશ પોલીસના અધિકારીઓને સતર્કતા દાખવવાની સલાહ આપવામાં આવી છે. આંતરરાષ્ટ્રીય યોગ દિવસે વડાપ્રધાન નરેન્દ્ર મોદી લખનૌમાં હોવાની શક્યતા છે. તેથી ઉત્તરપ્રદેશની સુરક્ષા એજન્સીઓ વધુ સતર્કતા દાખવી રહી છે.

સૂત્રોના મતે એલર્ટમાં કોઈપણ પ્રકારની જગ્યા કે તારીખનો ઉલ્લેખ કરાયો નથી, સાથો સાથ કોઈ આતંકવાદી સંગઠનનો પણ ઉલ્લેખ

● અનુસંધાન પાન-૭ પર

# ઈંગ્લેન્ડ-પાકિસ્તાનની વચ્ચે આજે સેમિફાઈનલ જંગ

**આજે ચેમ્પિયન્સ ટ્રોફીની પ્રથમ સેમિફાઇનલને લઇને રોમાંચ ઇંગ્લેન્ડ ઘર આંગણે હોટફેવરિટ તરીકે મેદાનમાં ઉતરશે**



કાર્ડિફ,તા. ૧૩

ચેમ્પિયન્સ ટ્રોફીમાં આવતીકાલથી સેમીફાઈનલ જંગની મેચો શરૂ થઈ રહી છે. જેના ભાગરૂપે પ્રથમ મેચમાં આવતીકાલે બુધવારે પાકિસ્તાનની ટીમ શક્તિશાળી ઈંગ્લેન્ડ સામે મેદાનમાં ઉતરશે. ઈંગ્લેન્ડની ટીમના ફોર્મને જોતા ઘરઆંગણે તે પ્રબળ દાવેદાર છે પરંતુ પાકિસ્તાનની ટીમ પણ મોટા અપસેટ સર્જી શકે છે. બીજી સેમીફાઈનલમાં ભારત બાંગ્લાદેશ સામે રમનાર છે. જેથી બન્ને નજીકના હરિફ વચ્ચે ફાઈનલ જંગ થઈ શકે છે. પાકિસ્તાન ઈંગ્લેન્ડ સામે જીતે છે કે કેમ તેના પર તમામની નજર કેન્દ્રિત થઈ ગઈ છે. ચેમ્પ્યિન્સ ટ્રોફીની છેલ્લી લીગ મેચમાં પાકિસ્તાને લગભગ ગુમાવી દીધેલી મેચમાં વાપસી કરીને જીત મેળવી હતી. પાકિસ્તાન અને શ્રીલંકા વચ્ચે છેલ્લી લીગ મેચ ક્વાર્ટર ફાઈનલ સમાન હતી. આ મહત્વપૂર્ણ મેચમાં પાકિસ્તાનના કેપ્ટન સરફરાજ અહેમદે અણનમ ૬૧ રન બનાવ્યા હતા. પાકિસ્તાને એક વખતે સાત વિકેટ ૧૬૨ રનમાં જ ગુમાવી દીધી હતી. પાકિસ્તાન એક વખતે હારના કિનારે હતુ. હવે બુધવારે પાકિસ્તાન વધારે તાકાત સાથે મેદાનમાં ઉતરી શકે છે.

# ખેડૂત આંદોલન પર વધતી રાજનીતિ

**હાર્દિક પટેલ-જ્યોતિરાદિત્ય સિંધિયા કસ્ટડીમાં : આંદોલન કરી રહેલા ખેડૂતોને મળવા માટે નિકળેલા કોંગ્રેસના વરિષ્ઠ નેતા જ્યોતિરાદિત્ય સિંધિયાને મંદસોરમાં પહોંચતા પહેલા જ અટકાયતમાં લેવાયા : પાટીદાર સમુદાયના લોકો ખેડૂતોની સાથે છે : હાર્દિક પટેલ**

ભોપાલ,તા. ૧૩

હિંસક પ્રદર્શન દરમિયાન પાંચ ખેડૂતોના મોત બાદ આને લઈને જોરદાર રાજનીતિ શરૂ થઈ ગઈ છે. આજે ગુજરાતના પાટીદાર નેતા હાર્દિક પટેલ પણ આજે સવારે મંદસૌર જવા માટે નિકળ્યા હતા. જો કે તેમને નીમચમાં પોલીસ કસ્ટડીમાં લઈ લેવામાં આવ્યા હતા. પટેલ સોમવારના દિવસે ગુજરાતથી માર્ગ મારફતે ઉદયપુર પહોંચ્યા હતા. હાર્દિક પટેલે ત્યાં કહ્યુ હતુ કે ગુજરાત અને રાજસ્થાનના પાટીદાર સમુદાયના લોકો મધ્યપ્રદેશમાં આંદોલન કરી રહેલા ખેડુતોની સાથે છે. જો કે હાર્દિકની મંદસૌર પહોંચતા પહેલા જ ધરપકડ કરી લેવામાં આવી હતી. જો કે પટેલને પહેલાથી ખબર હતી કે તેમની ધરપકડ કરી લેવામાં આવનાર છે. જો કે હાર્દિક પટેલે કહ્યુ હતુ કે તેઓ પોતાના કામ કરવા માટે કટિબદ્ધ છે. પોલીસ અને વહીવટીતંત્ર પોતાનુ કામ કરશે.

● અનુસંધાન પાન-૭ પર







